# પરમતત્ત્વ પ્રતિ અભિમુખ આધુનિક કવિની મથામણ

ભાનુપ્રસાદ પંડ્યા

[**'પરમને પત્ર'** : શૈલેશ ટેવાણી, પ્રકા. પ્રવીણચંદ્ર એમ. પટેલ, પ્રવીણ પ્રકાશન, રાજકોટ-૧, પ્ર.આ., ડબલ ક્રાઉન, પૃ. ૬૪, કિં. રૂ. ૭૫/-]

કાવ્યરચનામાં જ્યારે પ્રાર્થનાભાવ પ્રગટે ત્યારે એમાં પ્રભુ સાથેની ગૂજગોષ્ઠિનું નીરવ જ્ઞાન સહૃદય પામી શકે. કૃતિ પ્રાચીન હોય, અર્વાચીન હોય કે દેશકાળ અને ભાષાના સીમાડા અતિક્રમીને રચાઈ હોય, પણ એમાં પરમ તત્ત્વ સાથેનો સંબંધ વિવિધ તરેહમાં વ્યક્ત થયા વિના ન રહે. કવિવર ટાગોરે તો એનો સંકેત આ શબ્દોમાં, 'ગીતાંજલિ'માં આપી દીધો છે : From the words of the poet people take what meanings please them, yet their last meaning points to thee !' એમણે તો પ્રત્યેક કાવ્યનો અંતિમ ધ્વન્યર્થ પરમને તાકે છે, ત્યાં સુધી કહી નાખ્યું છે. કાવ્યાનંદ પરમાનંદમાં પરિણમે છે, ચિત્તલય ચિદાનંદ બની જાય છે, એનો આવો સરસ ખુલાસો કવિવર સિવાય બીજું કોણ કરી શકે ?

નરસિંહ, મીરાં, સૂર, તુલસી, ટાગોર માટે પરમ સાથે ગૂજગોષ્ઠિ જેટલી સહજ હતી એટલી આજના કવિ માટે નથી, આમ છતાં, જ્યારે નાનકડો વીરડો પણ આકાશને ઝીલી શકે છે, એ ન્યાયે કવિચિત્ત બૃહદ્, ભૂમા સાથે તદ્રૂપતા સાધે ત્યારે એના શબ્દોમાં એની ઝલક કે આછી ઝાંખી થયા વિના ન રહે. એવાં કાવ્યો ભાવકની પાસે પણ એ પ્રકારની સહૃદયસજ્જતાની અપેક્ષા રાખે છે.

'પરમને પત્ર'ની ગદ્યાત્મક, ઉદ્‌બોધનાત્મક લયની આ નિર્મિતિઓનું, અન્ય સર્વ અધ્યાસો, અભિગ્રહોને અળગા કરીને, ભાવન કરીએ છીએ, ત્યારે એમાંનું કવિનું મનોગત અનેક વાર કાવ્યાત્મક આનંદનો અનુભવ કરાવે છે. કવિએ એને 'પ્રાર્થનાપત્રો' કહ્યા છે. માણસનો મર્મકોશ કદાચ પત્ર અને ડાયરીમાં જેટલો ખૂલે છે, એટલો અન્ય સાહિત્યપ્રકારમાં ખૂલતો નથી. એથી જ કોઈ મહાનુભવની આત્મકથા કરતાં એમનાં પત્ર-ડાયરીમાં એની અંતરતમ અવસ્થાનું પગેરું મળી જાય છે. કવિ શૈલેશ ટેવાણીએ આ પત્રોમાં જે પ્રાર્થનાસ્પન્દ અંકિત કર્યો છે, તે વિવિધ વળાંકો લેતો અનુભવાય છે. એમાં ઊંડી મથામણ છે.

અત્યંત નિકટના પ્રિયજનને 'તું' (Thou) કહીને સંબોધવાનું સહજ રીતે ગમે. તેથી માતા, પ્રભુ અને પ્રિયપાત્રને સ્વાભાવિક એવો 'તું'કારો મળ્યો છે. અહીં પણ કવિએ સર્વત્ર 'પરમ'ને એ પ્રકારના વહાલસૂચક બીજા પુરુષ એકવચન (તું)થી ઉદ્‌બોધ્યા – સંબોધ્યા છે. એવા નૈકટ્ય વિના ભીતરનાં પડો ન ખૂલી શકે. આથી 'પરમ'ના વ્યંગ્યાર્થ 'ઉચ્ચતમ'ની કક્ષાએ આસાનીથી સમાન ભૂમિકાએ લાવી એની સાથે વાર્તાલાપ થઈ શકે છે. જેમકે પ્રથમ રચના 'તું નથી જ તે હું માની નથી શકતો' શીર્ષકમાંના બે નકારાત્મક અવ્યયોને સામસામે મૂકી, એનો વિલય સાધીને 'પરમ'ના અસ્તિત્વનો સહજ સ્વીકાર કર્યો છે. જીવનની વિષમ – વિકટ ક્ષણોમાં કેવા એના નીરવ સંગથી – સંગાથથી ગતિશીલ કરનાર એ અદશ્ય સખાની ડગલે ને પગલે થતી અનુભૂતિને નિખાલસ એવા આત્મનિવેદનથી વ્યક્ત કરી છે :

**તારું મારી સાથે ચાલવું તારાં પગલાંની છાપ**
**છોડતું નથી.**
**પરંતુ મારા પગલાંની આગળ-પાછળ અદૃષ્ટ**
**કશુંક હંમેશાં ગોઠવાયાં કરે છે.**

ઈશ્વરની હયાતીની રહસ્યમયતાનો અનુભવ થાય છે અને તેની સાથે જ એનો ઇન્કાર કરવાનું શક્ય નથી. કેમકે, આપણા અસ્તિત્વનો ઇન્કાર કર્યા સિવાય એ સર્વવ્યાપક (omnipresent)નો અસ્વીકાર થઈ શકે તેમ નથી ! આથી આ પંક્તિઓ અંતે પ્રસ્તુત બની રહે છે :

**તારી પદછાપ હું ઉકેલી નથી શકતો**
**ને તું નથી જ તે હું માની નથી શકતો.**

સંગ્રહનાં અન્ય કેટલાંક પત્રકાવ્યોમાં પણ આ મથામણ ચાલતી રહે છે. એનાં શીર્ષકોનો નિર્દેશ કરીએ : 'આપણું મિલન કેમ લાગે છે અસંભવ !', 'હું કેમ કહું કે તું અદશ્ય છે ?', 'મારાથી અલગ નથી ધાર્યું તારું અસ્તિત્વ', 'તું આ બધું જુએ છે ?'માં પરમતત્ત્વ સાથે ગોઠડી વિશેષ મર્માળી અને તીવ્ર બનતી જાય છે. આ દોરંગી દુનિયામાં જોવા મળતી વિષમતાઓથી ખિન્ન થઈને ક્યારેક ઉદ્‌બાહુ આક્રોશ પણ થઈ જાય છે :

**કહે છે, તારે છે અસંખ્ય આંખો**
**કહે છે, તારે છે સહસ્ર હાથ,**
**તો તારી આ સઘળું જોતી આંખ**
**અને આ સઘળું પકડી હશે તેવા સમર્થ હાથ**
**મને કેમ નિષ્ક્રિય લાગે છે ?**

'પરમ આત્મીય'ને પત્ર લખાય ત્યારે આવો ઉદ્‌ગાર સહજ રીતે નીકળી જવા સંભવ છે ! આથી જ પરમના વિરાટ મૌનથી વ્યાકુલ હૃદય ચિત્કાર કરી રહે છે : 'શું તેં પ્રત્યુત્તર આપવાનુંય છોડ્યું છે ?' 'તું આટલો નિરુત્તર ક્યારે હતો ?'

આ રીતે આ પત્રોમાં વેદનાપૂર્ણ આત્મનિવેદન, રીસ, રોષ, ઉપાલંભ, રિસામણાં – મનામણાં – નિમંત્રણ, અનુનય – એમ અનેકવિધ સંચારિભાવોથી આ નિર્મિતિઓ આસ્વાદ્ય બની રહે છે. એમાં આળું, આર્દ્ર, ખિન્ન, વેદનાસંસિક્ત હૃદયમન જેમ ઉદ્‌ઘાટિત થાય છે, તેમ એમાં આનંદ, ઉત્સુકતા, પ્રસન્નતા પણ પ્રગટતાં રહે છે. આને લીધે જ જે ટપાલ મળે છે તેમાં –

**બધા જ અક્ષરો છે સ્નેહનીતરતા**
**મોટે ભાગે તો છે આનંદના અને**
**પ્રેમના સંદેશા.'**

એટલે – 'આટલો સમીપ તું ક્યારેય નહોતો' – એવી ઝાંખી થાય છે.

આપણા અંગત સ્વજનોના પત્રો પણ લાગણીભીના હોય છે, તો પછી આ 'માતા, પિતા, બન્ધુ અને સખા' જેવો નાતો ધરાવતા 'સર્વેશ્વર' તો 'ત્વમેવ સર્વં મમ દેવદેવા !' છે, તેથી તેના પ્રત્યેનું સંવેદન અહીં સતત વહ્યું છે.

પત્ર લખનારના વિભિન્ન મિજાજો જોતાં દેખાય કે અહીં માત્ર મધ્યકાલીન ભક્તકવિનો શરણાગતિ ભાવ નથી, પણ એ તો આજ્ઞાવાહક ઉદ્‌ગાર વહેતો મૂકે છે : 'તારા વિસ્મયના

દરવાજા ખોલ.' ક્યારેક ખિન્ન અસીમ મન શંકાય કરે છે : 'પ્રભુતા પણ શું નિર્બળ હોય છે ?' કોઈ વાર વળી પ્રભુને શરતી આહ્વાન પણ અપાય છે : 'જો તું હશે પરમેશ્વર, તો સાચવશે મારા આ અબળખા !' આ પ્રકારની હોંસાતોંસીથી આ પ્રભુગોષ્ઠિમાં માનવીય જીવંતતા પણ અનુભવાય છે.

એક જ પાત્રને લખેલા પત્રોમાં ક્યારેક સમાન વક્તવ્ય પણ આવી જાય. 'તું નથી જ તે હું માની નથી શકતો' એ શીર્ષકનું પ્રથમ કાવ્ય અને ૩૬મા પૃષ્ઠ પરનું 'તું નથી જ' એમ કહેવા 'શ્રદ્ધા' ના પાડે છે !'માં દેખીતું સામ્ય જણાય, પણ બીજી રચનામાં શ્રદ્ધાનું બળ ઉમેરાયું છે. વળી ઉભયમાં ભાવપરિવેશની ભિન્નતા છે. આમ છતાં કોઈ ઉદ્ગારસામ્ય જણાય.

આ રચનાઓમાં ઇંદ્રિયગોચરતાનું તત્ત્વ અને લાઘવ એને અનેકશઃ રમણીયતા અર્પે છે : 'ઇમારતોના ભેજમાં તેં પાઠવેલા / વરસાદની સોડમ નથી' (પૃ. ૩૬); 'રંગોથી છવાયેલા અસ્તિત્વમાં / ફૂટે છે ગીતોનો ફાગ' (પૃ. ૪૯); 'ચોર પગલે આવે છે પંખી / ચાંચમાં જ ગીત સંતાડી જાય છે' (પૃ. ૪૪). આમ કલ્પનરમણીય પંક્તિઓ પ્રસન્નકર બને છે. ગમે તેમ ઘ્રાણનાં કલ્પનો અહીં વિશેષ વેરાયેલાં છે. અલબત્ત, 'નદીઓની ખળખળમાં મોં ધોવા ઊતરતો ચાંદ', 'આકાશગંગામાં ન્હાતી તારાઓની કન્યા' જેવાં દશ્ય કલ્પનો પણ નજરને થંભાવી દે તેવાં છે. વાતચીતના લય વચ્ચે આવાં ચિત્રાંકનોથી વૈવિધ્ય આવે છે. સતત યોજાતા ગોષ્ઠિલયમાં આનાથી વર્ણનાત્મક સાતત્ય આવે છે.

આમ 'પરમને પત્ર'માં આપણને નાટ્ય અને ગઝલના આશક કવિનો એક નવોન્મેષ જોવા મળે છે. આધુનિક કવિથી પ્રાચીન કવિઓની જેમ 'ભક્ત' કે 'દાસી' બનવું શક્ય નથી, તેની શ્રી ટેવાણીને પ્રતીતિ છે. તેથી યોગ્ય રીતે લખે છે.

**'તારા ભક્ત કવિઓની જેમ**
**હું નથી થઈ શકતો દાસી**
**નથી થઈ શકતો ગોપી'** (પૃ. ૪૮)

મીરાંની જેમ પ્રતીક્ષાભાવ પણ નથી. તેથી લખે છે :

**મેં તારા આગમનની પ્રતીક્ષા છોડી દીધી છે.**
**હવે તને પ્રાર્થના કરવા જોડાયેલા હાથ**
**કશું જ માંગતા નથી !'** (પૃ. ૪૩)

અહીં ક્યાંય યાચક ભાવ નથી, નવધા ભક્તિ નથી. અહીં તો સાંપ્રત વિશ્વના સકલ કલહ વચ્ચે જીવતના માણસની શોધ ચાલે છે. આથી કહીશું કે આધુનિક બૌદ્ધિક જ્યારે તીવ્ર પ્યાસથી પરમતત્ત્વની શોધ આદરે ત્યારે જે મથામણ, જે મૂંઝવણ અનુભવે, તે 'પરમને પત્ર'માં વારંવાર અનુભવી શકાય છે. એ આર્તસ્વરમાં પસાર થતાં કોરા નથી રહેવાતું.